GJSK190000102026

આંક–

## :: નમુના–અ ::

| જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેબની કોર્ટમાં મુ.પોશીના, જીલ્લો – સાબરકાંઠા | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૦૧/૦૪/૨૦૨૬ |
| ફોજદારી કેસ નંબર | ૦૮/૨૦૨૬ |
| ગુનાની વિગત | |
| ગુનાની કલમ | પ્રોહી. એકટની કલમ–૬૫ (એ,એ) |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | ખેરોજ પોલીસ સ્ટેશન પાર્ટ–સી ગુ.ર.નં.૦૫૨૮/૨૦૨૫ |
| પોલીસ સ્ટેશન | પોશીના પોલીસ સ્ટેશન |
| ફરીયાદ પક્ષ | સરકારશ્રી/ફરીયાદીનું નામ :<br>શૈલેષભાઇ મોતીભાઇ<br>ખેરોજ પો. સ્ટેશન |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી એસ.ડી. પટેલ |
| આરોપી પક્ષ | આરોપીનું નામ :<br>અમીતભાઇ મીરખાનભાઇ ગમાર<br>રહે.કોટડા (ખજુરીફળો), તા.પોશીના |
| રજુઆત | વિ.વ.શ્રી બી.એસ. વાઘેલા |

## :: નમુના–બ ::

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૩/૧૦/૨૦૨૫ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૩/૧૦/૨૦૨૫ |
| આખરી અહેવાલની તારીખ | ૦૮/૦૧/૨૦૨૬ |
| તહોમતનામા / પ્લીની તારીખ | ૦૮/૦૧/૨૦૨૬ |
| પુરાવો શરુ થયાની તારીખ | ૩૦/૦૧/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૧/૦૪/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૧/૦૪/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | –– |

## :: આરોપીની વિગત ::

| આરોપીનુ અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડ તારીખ | જમીન મુકત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા / સજા કરી | સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમીતભાઇ મીરખાનભાઇ ગમાર | ૧૩/ ૧૦/ ૨૫ | ૧૩/ ૧૦/ ૨૫ | પ્રોહી. એકટની કલમ– ૬૫ (એ,એ) | નિર્દોષ | – | – |

**:: નમુના–ક ::**

## ફરીયાદી / બચાવ / ન્યાયાલયના સાક્ષીની યાદી

### અ. ફરીયાદપક્ષના સાક્ષી

| **અ.નં.** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| ફ.સ.૧ | રમેશભાઇ હગરાભાઇ તરાલ | પંચ સાહેદ |
| ફ.સ.૨ | હોમાભાઇ ભીખાભાઇ પરમાર | પંચ સાહેદ |
| ફ.સ.૩ | શૈલેષભાઇ મોતીભાઇ | ફરીયાદી |

### બ. બચાવપક્ષના સાક્ષી

| **અ.નં.** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| બ.સ.૧ | – | – |
| બ.સ.૨ | – | – |

### ક. ન્યાયાલયના સાક્ષી

| **અ.નં.** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| ન્યા.સ.૧ | – | – |
| ન્યા.સ.૨ | – | – |

## ફરીયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી

### અ. ફરીયાદપક્ષના આંકની યાદી

| અ.નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | આંક–P1/PW1 | રીકવર અંગેનું પંચનામું |
| ૨ | આંક–P1/PW3 | ફરીયાદ |

### બ. બચાવપક્ષના આંકની યાદી

| **અ.નં.** | **આંક સંખ્યા** | **વર્ણન** |
|---|---|---|
| ૧ | આંક : બ–૧/બ.સ.૧ | – |

**ક. ન્યાયાલયના આંકની યાદી**

| અ.નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | આંક : ન્યા.–૧/ન્યા.સ.૧ | – |

**ડ. ભૌતિક પદાર્થ**

| અ.નં. | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | ભૌ.પ.૧ | – |

**:: ઠરાવ ::**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧૩/૧૦/૨૦૨૫ ના કલાક ૧૩–૩૦ વાગે મોજે કોટડા ચેક પોસ્ટ ઉપર પોતાના અંગ કબજામાં કીંગ ફીસર સ્ટોનગ પ્રીમીયમ બીયર ૬૫૦ મી.લી. ની બોટલ નંગ–૨, કિંમત રૂા.૩૫૦/– ના મુદ્દામાલ સાથે લઇ આવી મળી આવી પકડાઇ જઇ પ્રોહી. એકટની કલમ–૬૫ (એ,એ) મુજબનો ગુનો આ અદાલતની હકુમતમાં કરતા આરોપી વિરુધ્ધ ફરીયાદીએ ખેરોજ પો. સ્ટે. થર્ડ ગુ.ર.નં.૦૫૨૮/૨૦૨૫ થી ફરીયાદ નોંધાવેલ છે. તપાસ કરનાર અમલદારે જરૂરી પંચનામા કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી આરોપી વિરુધ્ધના ગુનાની તપાસ કરી હાલનું ચાજશીટ દાખલ કરેલ છે.

(૨) આ કામના આરોપીને સમન્સની ધોરણસર બજવણી થઇ જતાં આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલ મળી ગયાની ખાત્રી કરી આરોપી સામે આંક–૪ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. સદર તહોમતનામામાં આરોપી આંક–૫ ના નિવેદનમાં આક્ષેપિત ગુનાનો ઇન્કાર કરેલ છે. ત્યાર બાદ સદર કામ આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**:: મૌખિક પુરાવો ::**

(૧) આંક–૬ પંચ સાહેદ રમેશભાઇ હગરાભાઇ તરાલની જુબાની

(૨) આંક–૭ પંચ સાહેદ હોમાભાઇ ભીખાભાઇ પરમારની જુબાની

(૩) આંક–૮ ફરીયાદી શૈલેષભાઇ મોતીભાઈની જુબાની

## :: દસ્તાવેજી પુરાવો ::

(૧) આંક–P1/PW1 મુદામાલ રીકવર અંગેનુ પંચનામું
(૨) આંક–P1/PW3 ફરીયાદ

(૪) વધુમાં ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધેલ. જેમાં તેઓએ જણાવેલ છે કે, અમો આરોપી તદ્રન નિદોષ છીએ. કહેવાતા ગુનામાં અમોને ખોટી રીતે સંડોવણી કરી ખોટો કેસ કરેલ છે. ત્યાર બાદ બંને પક્ષકારોની દલીલો સાંભળી.

(૫) કેસના આખરી નિકાલ સારૂ નીચે મુજબના મુદા ઉપસ્થીત થાય છે.

## <u>–: મુદ્દાઓ :–</u>

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૧૩/૧૦/૨૦૨૫ ના કલાક ૧૩–૩૦ વાગે મોજે કોટડા ચેક પોસ્ટ ઉપર પોતાના અંગ કબજામાં કીંગ ફીસર સ્ટોનગ પ્રીમીયમ બીયર ૬૫૦ મી.લી. ની બોટલ નંગ–૨, કિંમત રૂા.૩૫૦/– ના મુદામાલ સાથે લઈ આવી મળી આવી પકડાઇ જઇ પ્રોહી. એકટની કલમ–૬૫ (એ,એ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો અદાલતની હકુમતમાં કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદા અંગેના ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં
(૨) આખરી હુકમ મુજબ

(૭) ઉપરોકત મુદાઓના નિર્ણય માટેના કારણો નીચે મુજબ છે.

**:: કારણો ::**

(૮) **<u>મુદા નંબર–૧ :–</u>**

(૯) ફરીયાદપક્ષ તરફે પંચ સાહેદ રમેશભાઇ હગરાભાઇ તરાલને આંક–૬ થી તથા પંચ સાહેદ હોમાભાઇ ભીખાભાઇ પરમારને આંક–૭ થી તપાસેલા છે. તેઓ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, પોલીસે અમોને એક લખેલા કાગળમાં સહી કરવાનું કહેતા સહી કરેલ. સહી કર્યા સીવાય પંચનામાની બીજી કોઇ હકીકત જાણતા નથી. આજરોજ પંચનામું બતાવવામાં આવતા પંચ તરીકે સહી ઓળખી બતાવું છુ. જે પંચનામાને રજુ આંક–P1/PW1 આપવામાં આવે છે. પંચનામું વાંચેલ નહી કે પોલીસે વાંચી સંભળાવેલ નહી.

સદર પંચ સાહેદો પંચનામાની હકીકતને સમર્થન કરતા ના હોઇ વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા છે.

સદર પંચ સાહેદો પોતાની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, પંચનામામાં સહી કર્યા સીવાય બીજી કોઇ જાત માહિતી નથી.

(૧૦) ફરીયાદ પક્ષ તરફે આ કામના આંક–૮ થી ફરીયાદી શૈલેષભાઇ મોતીભાઇને તપાસેલ છે. જેમાં તેઓ જણાવે છે કે, તા.૧૩/૧૦/૨૦૨૫ ના રોજ અમો તથા અ.હે.કો. સંજયભાઇ રૂપાજી, અ.પો.કો. રાજુભાઇ લુમ્બાભાઇ વિગેરે સ્ટાફના માણસો કોટડા ચેકપોસ્ટ ખાતે વાહન ચેકીંગમાં હતા તે દરમ્યાન એક ઇસમ કોટડાગઢી તરફથી કોટડા ચેકપોસ્ટ તરફ આવતો હોઇ તેના હાથમાં એક થેલો હોઇ જેથી શંકાસ્પદ લાગતા થેલો ચેક કરતા તેમાં ૬૫૦ એમ.એલ.ની શીલબંધ બોટલ નંગ–ર હોઇ નજીકમાંથી બે પંચોના માણસો બોલાવી પંચો રૂબરૂ નામઠામ પુછતા પોતાનું નામ અમીતભાઇ મીરખાનભાઇ ગમાર હોવાનું જણાવેલ. પંચો રૂબરૂ એક બોટલ એફ.એસ.એલ. તપાસણી સારૂ કાઢી લઇ અ.હે.કો. સંજયકુમારે પંચનામાની વિગતે કબજે લીધેલ અને પંચો રૂબરૂ સદરી પાસે પ્રોહી.

મુદ્દામાલ બાબતે પાસ પરમીટ માંગતા પોતાની પાસે નહી હોવાનું જણાવતા કાયદેસર થવા પ્રોહી. એકટ મુજબ ફરીયાદ આપેલ. જેમાં ફરીયાદી તરીકે મારી અને રૂબરૂમાં પી.એસ.ઓ. સળુજી થાવરાજીની સહી છે. જે સહી ઓળખી બતાવું છુ. જે ફરીયાદ આ કામે આંક–P1/PW3 થી રજુ છે.

આ સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, અમે કેટલા વાગે વાહન ચેકીંગમાં ગયેલા તે સમય મારી ફરીયાદમાં જણાવેલ નથી.

(૧૧) ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું સમગ્ર રીતે મુલ્યાંકન કરવામાં આવે તો, એ હકીકત નિર્વીવાદીત છે કે, હાલના કેસમાં આરોપી સામેનો કેસ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવા પંચનામાની વિગતે દારૂ કબજે કરી તે અંગેનું વિગતવારનું પંચનામું પંચોની હાજરીમાં કરેલ, પરંતુ મુદામાલ કબજે કર્યાના પંચનામાના બંને પંચોએ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી એટલે પંચનામું પુરવાર થયેલું નથી. ટુંકમાં, આરોપી વિરુધ્ધ જે ગુના અંગેનું તહોમત મુકવામાં આવેલ છે તેને ફરીયાદપક્ષે વાજબી શંકાથી પર અને રીલાએબલ, વિશ્વાસપેરક કોઝન્ટ પુરાવો રજુ કરી પુરવાર કરેલ નથી. આમ, આરોપીને સજા કરવા માટે સ્વતંત્ર સાહેદોના સમર્થનની જરૂર રહેલી હોય છે જે આ કામે ફરીયાદપક્ષે રેકર્ડ પર શંકા રહીત પુરવાર કરી શકેલ નથી.

ફરીયાદપક્ષે જે પંચોને તપાસેલા છે તે પંચો પંચનામાની વિગતને લેશમાત્ર સમર્થન આપતા નથી. જેથી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળતું નથી. તે સંજોગોમાં જે મુદામાલ મળેલ છે તે આરોપીના કબજામાંથી મળેલ હોવાથી સબંધે શંકા ઉપસ્થીત થાય છે અને જયારે સ્વતંત્ર સાહેદ પંચો સમર્થન આપતા ન હોય ત્યારે બીજા પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી.

વધુમાં આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો **સ્ટેટ ઓફ ગુજરાત વિ. સુરેશભાઈ એસ. પટેલ, જી.એચ.જે. ૨૦૧૧** ભાગ ૨૬ પાના નં.૧ નો ચુકાદો ધ્યાને લીધો. જેમાં ઠરાવેલ છે કે, જો મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી અગર એક પંચ સાહેદ હોસ્ટાઈલ જાહેર થવાથી પણ પઝેશન જડતી

અને જપ્તીના પ્રોહીબીશનના કેસ Beyond reasonable doubt પુરવાર થઇ શકે નહી અને નામદાર હાઇકોર્ટે નિર્દોષ ઠરાવી છોડી મુકતાં ચુકાદાને યથાર્થ ઠેરવેલ. સદર કેસમાં પંચો વિમુખ છે. ખુદ ફરીયાદપક્ષ તે નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી કે કથિત મુદામાલ આરોપીના સભાનપણાના કબજા Exclusive and Conscious Possession માંથી કબજે લેવાયેલ છે. આથી આ કામે થયેલ જડતી અને જપ્તીની પ્રક્રિયા પણ શંકાસ્પદ થયેલ હોવાનું જણાય છે.

વધુમાં, **નામદાર સુપ્રિમ કોર્ટે ૧૯૯૬(૩) ક્રાઇમ્સ પાના નં.૮૫ પ્રસિધ્ધ કેસ સતીષ મહેરા વિ. દિલ્હી એડમીનીસ્ટેશન** ના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે જણાવેલ છે કે જયારે મહત્વનાં સાહેદોએ ફરીયાદપક્ષને સમર્થન કરેલ ન હોય ત્યારે બાકીના સાહેદોને તપાસવાની ફોર્માલીટી પુરી કરવી જરૂરી નથી. નામદાર અદાલતે નિરીક્ષણ કરેલ કે...

> **When Judge is certain that there is no prospect of case ending in conviction, valuable time of Court Should not be wested for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date.**

આથી જયારે ભારત દેશમાં કોર્ટોમાં ઘણાં કોન્ટેસ્ટેડ કેસો પેન્ડીંગ છે ત્યારે જયારે હાલના કેસમાં મુખ્ય મહત્વના સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી ત્યારે બાકીના સાહેદોને કે જે પોલીસ સાહેદો છે તેઓને તપાસવાથી પણ Criminal Jurisprudence મુજબ કેસ નિ:શંક પુરાવાથી પુરવાર થઇ શકે તેમ નથી.

(૧૨) આમ, ઉપર કરેલ ચર્ચા તથા બંને પક્ષના વિ.વકીલશ્રીઓની દલીલ તથા રજુ થયેલ લેખિત તથા મૌખિક પુરાવો ધ્યાને લેતાં ફરીયાદપક્ષ આરોપી સામે ફરમાવવામાં આવેલ તહોમતમાં જણાવ્યા મુજબનો કોઇ ગુનો આરોપીએ કર્યો હોવાની હકીકત શંકાથી પર સાબીત કરી શકેલ ન હોય આ

કેસ નિર્ણય અને નિકાલ માટે ઉપસ્થીત મુદા નં.૧ નો જવાબ ''નકારમાં'' આપી, મુદા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**:: હુ ક મ ::**

૧) આ કામના આરોપી અમીતભાઇ મીરખાનભાઇ ગમાર, રહે.કોટડા (ખજુરીફળો), તા.પોશીના, જી.સાબરકાંઠા નાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૭૧(૧) અન્વયે પ્રોહી. એકટની કલમ–૬૫ (એ,એ) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૮૧ અન્વયે આરોપીએ અપીલ કોર્ટમાં હાજર રહેવા સંબંધેના રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કરવો.

૩) મુદામાલ દારૂનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. **૦૧** લી, માહે **એપ્રિલ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

**તા.** ૦૧/૦૪/૨૦૨૬
**સ્થળ :** પોશીના

(**હરસિધ્ધકુમાર કે. સન્યાલ**)
જ્યુડી. મેજી. ફ.ક., પોશીના
જજ કોડ નં.જીજે૦૧૪૬૬

//A.B.K.//